કાર્યપાલક ઈજનેર સેન્ટ્રલ ઝોન		સુરત મહાનગરપાલિકા સેન્ટ્રલ ઝોન,નવુ વહીવટી ભવન તાપીપુરા મેઈન રોડ, સુરત. Ext.૨૦૫ કન્ટ્રોલ રૂમ : ટે.નં.૨૪૨૦૫૪૭ ફેકસ : ૨૪૨૦૫૪૮

સે.ઝોન/એન્જી/આઉટ/૩૩૮૩
તા.૦૩/૧૧/૨૦૨૬

પ્રતિ,
.....
.....
.....
.....

વિષય :– સેન્ટ્રલ ઝોન ઉત્તર વિસ્તારમાં પાણીની લાઈનમાં કેમેરા ધ્વારા લાઈન ચેક કરી લીકેજ તેમજ ગંદા પાણી શોધવાનુ કામ.

સંદર્ભ :– સ્થાયી સમિતિ ઠરાવ નં.૧૪૩/૨૦૨૬,તા. ૨૨/૦૧/૨૦૨૬ થી મંજુર થયેલ યુનિટ રેઈટના ભાવે અને શરતે.

મહાશય,

જય ભારત સાથે જણાવવાનું કે, સેન્ટ્રલ ઝોન ઉત્તર વિસ્તારમાં પાણીની લાઈનમાં કેમેરા ધ્વારા લાઈન ચેક કરી લીકેજ તેમજ ગંદા પાણી શોધવાનું કામ સ્થાયી સમિતિ ઠરાવ નં. ૧૪૩/૨૦૨૬ તા.૨૨/૦૧/૨૦૨૬ થી મંજુર થયલે યુનિટ રેટના ભાવે અને શરતે ૨,૦૦,૦૦૦–૦૦ ની મર્યાદામાં સદરહું કામગીરી કરવા તમો રસ ધરાવતા હોવ, તો આપનું ઈ.એમ.ડી રૂા.૨,૦૦૦–૦૦ પૈ. સહિતનું સમંતિપત્રક **તા.૧૩/૧૧/૨૦૨૬** સુધીમાં નીચે સહી કરનારને મોકલવા ઘટતુ કરશો.

–:શરતો:–

૧. અર્નેસ્ટમની ડીપોઝીટ(ઈએમડી)ની રકમ કમિશનરશ્રી, સુરત મહાનગરપાલિકાના નામનો સુરતની રાષ્ટ્રીયકૃત શીડયુલ બેંકના ડીમાન્ડ ડ્રાફટ / પે. ઓર્ડરથી સંમતિપત્રક સાથે રૂા. ૨,૦૦૦/–ની આપવાની રહેશે.

૨. ઈજારદારે રજીસ્ટ્રેશન/ સંસ્થાનું નોંધણી પત્રકની પ્રમાણીત નકલ સંમતિપત્રક સાથે આપવાની રહેશે.

૩. ઈજારદારે અંદાજીત રકમના ૨૦% એટલે કે રૂા. ૪૦,૦૦૦/– કે તેથી વધુ રકમની વર્તમાન(ચાલુ) વર્ષની રાષ્ટ્રીયકૃત બેંકની સોલવંશી સર્ટીફિકેટ સંમતિપત્રક સાથે આપવાની રહેશે.

૪. ઈજારદારે પૂર્ણ કરેલ સમાન કામના/ અનુભવના સર્ટીફિકેટ (Form 3A)/ વર્કઓર્ડરની પ્રમાણીત નકલ સંમતિપત્રક સાથે આપવાની રહેશે.

...૨

૫. ઈજારદારે છેલ્લા ૦૧ (એક) વર્ષના આઈ. ટી. રીટર્ન સંમતિપત્રક સાથે આપવાના રહેશે.

૬. ઈજારદારે GST રજીસ્ટ્રેશન સર્ટીફિકેટની પ્રમાણીત નકલ સંમતિપત્રક સાથે આપવાની રહેશે.

૭. ઈજારદારે પાન કાર્ડ રજુ કરવાનું રહેશે.

૮. ઈજારદાર મંજુર યુનિટ રેઈટના શીડયુલ–બી માં જણાવેલ ભાવ, લાગુ ઠરાવ અને ટેન્ડરની શરતોને બંધનકર્તા રહેશે.

૯. કોઈપણ અથવા બધા જ સંમતિપત્રકો રદ કરવાનો અધિકાર સુરત મહાનગરપાલિકાને અબાધિત રહેશે તે અંગે કોઈપણ કારણો આપવામાં આવશે નહીં.

૧૦. તમામ પ્રકારના વેરા ઈજારદારે ભોગવવાના રહેશે.

૧૧. તમામ સરકારી / અર્ધ સરકારી લાગુ પડતા કાયદાનું ઈજારદારે પાલન કરવાનું રહેશે.

૧૨. સદર કામગીરી બાબતે અત્રેના વિભાગના સંબંધીત આસીસ્ટન્ટ ઈજનેર/ ડેપ્યુટી ઈજનેરશ્રીનો સંપર્ક કરવો.

-sd-
કાર્યપાલક ઈજનેર
સેન્ટ્રલ ઝોન
સુરત મહાનગરપાલિકા

ઈજારદારની સહી તેમજ સિકકો